ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૯૮ ટકા

# લાયન્સ કલબ ઓફ ફેમીના દ્વારા ડ્રગ્સ અવેરનેસ કાર્યક્રમ



ગાંધીનગર, તા.૯

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા સેક્ટર-૭ ની સરકારી સ્કૂલમાં ડ્રગ્સ અવેરનેસ ઉપર એક કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું હતું. વર્તમાન સમયમાં દેશમાં નશાખોરીનું પ્રમાણ વધી રહ્યું છે જે ખૂબ ચિંતાજનક છે.જેથી ફેમિના કલબ તરફથી આજના યુવાનો જાગૃત થાય તેના પ્રયાસરુપ કાર્યૅક્રમનુ આયોજન કરવામા આવ્યું હતું. કાર્યૅક્રમના મુખ્ય વક્તા પ્રોફેસર ભારતીબેન રાવલ હતા જેમણે વિધાર્થીઓને ડ્રગ્સ, ગુટકા તથા દારુના વ્યસન સામે કેવી રીતે જાગૃત થવુ અને પોતાની જાતનું કેવી રીતે રક્ષણ કરવુ એ માટે સચોટ માર્ગદર્શન આપ્યું હતું. ફેમિના કલબના પ્રમુખ ચંદાબેન યાદવ તથા રીજીયન ચેરમેન વૈશાલીબેન જોષીએ પણ વિધાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કલબ વતી વિધાર્થીઓને ચોપડા તથા પેનનુ વિતરણ કરવામા આવ્યું હતું. કાર્યૅક્રમમાં મોટી સંખ્યામાં વિધાર્થીઓ ઉપરાંત કલબના સભ્યો પણ ઉપસ્થિત રહીને સહકાર આપ્યો હતો. સ્કૂલ મેનેજમેન્ટે આ કાર્યૅક્રમ બદલ પ્રમુખ ચંદાબેન યાદવ સેક્રેટરી ભૂમીબેન જોગાણી તથા ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા યોજાઈ અષાઢી અક્ષરની મહેફીલ



ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે શનિવાર સાંજે ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ રાંધેજા ખાતે 'અષાઢી અક્ષરની મહેફિલ' નામે કાવ્ય સૌંદર્યનો મહિમા ઉજાગર કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ઉર્દૂ, હિન્દી અને ગુજરાતી એમ ત્રણેય ભાષામાં પ્રદાન કરનાર ગઝલકાર ડૉ. સતીન દેસાઈ, પરવેઝ, દીપ્તિ ગુરુએ ઉત્તમ ગઝલોનું રસપાન કરાવ્યું હતું અને વરસાદી માહોલ વચ્ચે સાચે જ એક મહેફિલ જામી હતી. તેની સાથે ગાંધીનગર સાહિત્ય સભાના ત્રણ કવિઓ શ્રી બાબુભાઈ નાયક, સુશ્રી ગિરા પિનાકીન ભટ્ટ અને શ્રી મૂળજીભાઈ 'દધિ'એ પણ પોતાની રચનાઓનું પઠન કર્યું હતું. સાંજે આ કાર્યક્રમમાં સાહિત્યસભાના પ્રમુખ શ્રી રમેશ ઠક્કરે મહેમાનોને આવકાર્યા હતા. શ્રી પ્રતાપસિંહ ડાભીએ મુખ્ય કવિ ડૉ. સતીન દેસાઈનો વિસ્તૃત પરિચય કરાવ્યો હતો.

સાહિત્યરસિક સૌથી વધુ ભાવકોની ઉપસ્થિતિમાં સંપન્ન થયેલા આ કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રી મનોજ શુક્લાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને આભારવિધિ સાહિત્ય સભાના મહામંત્રી ડૉ. સંજય પટેલે કરી હતી. એક ઉત્તમ શૈક્ષણિક સંસ્થાના સુંદર અને રમણીય વાતાવરણમાં કાવ્ય મહેફિલની સાંજનો આ કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો હતો.

# સેવાયજ્ઞ થકી જન્મદિવસની ઉજવણી કરતા શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ



ગાંધીનગર, તા.૯

શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટે સેવાયજ્ઞ થકી તેમના જન્મદિનની ઉજવણી કરી હતી. જેમાં શહેર સંગઠનના પદાધિકારીઓ, ચુંટાયેલા સભ્યો, કાર્યકર્તાઓ સાથે જોડાયા હતા. ઋચિર ભટ્ટે સે.૨૮ ખાતે મુક બધિર બાળકોને ભોજન પીરસ્યું હતું અને ભોજન બાદ હદયસ્પર્શી સંવાદ સાથે સમય વિતાવ્યો હતો તેમજ તેઓએ ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેન જશવંત પટેલ, મહામંત્રી કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં પેથાપુરના કૈલાશ વૃદ્ધાશ્રમમાં વડીલો સાથે વાર્તાલાપ કર્યો હતો તેમજ ભોજન પીરસી ધન્યતા અનુભવી હતી. આ ઉપરાંત ઋચિર ભટ્ટે ગાંધીનગર લોકસભા ક્ષેત્રના જનપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહની પ્રેરણાથી તુલસી વલ્લભનિધિ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યરત નિઃશુલ્ક આહાર કેન્દ્રની મુલાકાત લીધી હતી.

# સામાજિક વ્યવહાર પરીવર્તન થકી જોખમી સગર્ભા બહેનો સાથે સંપ પરામર્શ



ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લામાં માતા મરણ અટકાવવા અને માતા મૃત્યુદરને એક આંકડામાં લઈ જવા માટે આપણે સૌ અથાગ પ્રયત્ન કરી રહ્યા છીએ તેમ છતાં વખતો વખત જોખમી સગર્ભામાં વધારો જોવા મળે છે. આ જોખમી સગર્ભાનું વહેલામાં વહેલી તકે સારવાર, નિદાન અને કાઉન્સિલિંગ થઈ શકે અને માતા મરણ અટકાવી શકાય તે માટે અગમચેતીના પગલાંના ભાગરૂપે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ એ.જે.વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ કલોલ તાલુકાના પ્રા.આ.કે. ધાનજ ખાતે જોખમી સગર્ભા સાથે મિટિંગ કરવામાં આવી હતી.આ મિટિંગમાં જીલ્લા કક્ષાએથી એસબીસીસી ટીમ ડૉ.નેહલ ગજેરા, કેયુર જયસ્વાલ, પ્રા.આ.કે. મેડિકલ ઓફિસર ડૉ.પરાગ પટેલ અને પ્રા.આ.કેના એસ.બી.સી.સી સભ્યો, સુપરવાઈઝર તેમજ સ્ટાફે હાજરી આપી હતી.ઉપરોક્ત મિટિંગમાં પ્રા.આ. કેન્દ્રની તમામ જોખમી સગર્ભા, ઓછું વજન, હાઈપરટેન્શન, વ્યસન કરતી મહિલા, મલ્ટીપારા તેમજ રેજીટન્સ સગર્ભાને બોલાવીને એમની સાથે પોષણ યુક્ત આહાર સગર્ભા અવસ્થા દરમ્યાન રાખવાની થતી સાવચેતી વિશે સમજણ આપી વધુમાં યોગ,પ્રાણાયામ વિશેની માહિતી આપવામાં આવી હતી. આ દિવસે પ્રા.આ.કે. પર આર્યન સુક્રોઝ, એફસીએમ ઈન્જેકશનની વ્યવસ્થા હતી. આ મીટિંગમાંથી વધુ જોખમી સગર્ભા સાથે વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. વધુમાં આ મિટિંગમાં તમામ સગર્ભાને પોષણયુક્ત આહાર ખજૂરના પેકેટ આપવાની વ્યવસ્થા મેડિકલ ઓફિસર દ્વારા કરવામાં આવી હતી.

# બ્રહ્મ સમાજ ધોળેશ્વર શાખા દ્વારા વિદ્યાર્થી પુરસ્કાર સમારંભ યોજાયો



ગાંધીનગર, તા.૯

સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર ધોળેશ્વર શાખા દ્વારા પ્રથમ વિદ્યાર્થી પુરસ્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો જેમાં ૨૩૫ થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો તેમજ પ્રખર મોટીવેશનલ સ્પીકર ફી સંજયભાઈ રાવલ ઉપસ્થિત રહ્યા હતા.જેના વક્તવ્યમાં સમાજને સાચી દિશા મળી રહે તે મુજબનું વક્તવ્ય આપ્યું હતું. ધોળેશ્વર બ્રહ્મ સમાજના પ્રમુખ ઉદયભાઈ ભટ્ટ મંત્રી મિતુલ જોશી અને તમામ કમિટી મેમ્બરોએ તેમજ મહિલાપાંખ અને યુવા પાંખ પ્રોગ્રામને સફળ બનાવવામાં સહયોગ આપ્યો હતો.

## જન્મદિને વધામણી



નીરમાબેન આશીષકુમાર રેડક્રોસ, ગાંધીનગર



મહેન્દ્ર એમ ભટ્ટ
મો. ૯૩૨૭૦ ૨૦૨૨૯



માહી ઠાકોર
મો. ૯૭૧૨૫૮૩૨૬૩



હેતાર્થ પરીમલ પટેલ



લીલાવતીબેન કે ચાવડા
મો. ૯૭૨૫૦ ૦૪૮૫૩



પટેલ રસીલાબેન ચંદ્રકાન્ત
મો. ૯૪૨૮૯ ૯૮૪૪૬



અજયસિંહ વાઘેલા



માહિ ઠાકોર
મો. ૯૭૧૨૫૮૩૨૬૩



હીર વાઘેલા

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ઠાકોર આશાબેન રતાજી ઉ.વ.૪૫, બિલમણા, દહેગામ
- સ્વ.ઠાકોર કાન્તાબેન સુરેશજી ઉ.વ.૫૨, વાવોલ, કુબેરનગર
- સ્વ.રબારી શાન્તાબેન માલજીભાઈ ઉ.વ.૫૩, પીડારડા
- સ્વ.ચૌહાણ મંગળભાઈ ગોવિંદભાઈ ઉ.વ.૮૬, ગાંધીનગર
- સ્વ.ચમાર મંગાભાઈ બબાભાઈ ઉ.વ.૮૦, બિલમણા, દહેગામ

# વિકાસના પાટે ચડેલા સરગાસણ ટીપી-૭ વિસ્તારને સતાવતી અનેક સમસ્યાઓ









## રોડ-રસ્તા સારા બન્યા પણ ભૂવાઓએ પરેશાની સર્જી : ક્યાંક સાંકડા રસ્તા તો ક્યાંક પાર્કિંગની પળોજણને કારણે સર્જાતો ટ્રાફિક જામ : નર્મદાના પાણી અને મોબાઈલ કનેક્ટિવિટીના અભાવ સાથે વારંવાર વેરણ થતી વીજળીથી પરેશાન નાગરિકો




ગાંધીનગર, તા.૦૭

અત્યારે ગાંધીનગરના સૌથી વિકસિત વિસ્તાર કયા છે તેવું જો કોઈને પૂછવામાં આવે તો ચોક્કસ તે કુડાસણ અને સરગાસણનું નામ પહેલાં બોલે તેવી સ્થિતિ મહદ અંશે હાલ અનુભવાઈ રહી છે. સરગાસણ ચાર રસ્તાથી પંડિત દીનદયાલ સર્કલ એટલે કે રિલાયન્સ ચોકડી તરફના માર્ગે વચ્ચેનો જે વિસ્તાર છે તે નગરયોજનામાં ટીપી-૭ તરીકે વિકાસવાઈ રહ્યો છે જેમાં સરગાસણ ગામ સહીત કુડાસણ અને પોરનો કેટલોક સીમ વિસ્તાર પણ સામેલ છે. જોકે આજે આપણે સરગાસણ ગામતળ સિવાયના ટીપી-૭ના વિસ્તારની વાત કરવી છે જે આશ્કા હોસ્પિટલ સામેનો વિસ્તાર છે. વિકાસની રાહે હરણફાળ ભરી રહેલા આ વિસ્તારમાં પણ અનેક નાની-મોટી સમસ્યાઓ નાગરિકોને સતાવી રહી છે જેમાં અત્યારે સૌથી વધુ સમસ્યા ગટર-પાણીની નવી લાઈનો નાખ્યા બાદ કરવામાં આવેલા અપૂરતા માટી પુરાણને કારણે પડી રહેલા ભૂવાઓની છે.

ટીપી-૭ વિસ્તારમાં પહેલી નજરે તો બધું સારુ સારુ દેખાય છે કેમકે આ પણ એક નવો વિકસિત વિસ્તાર હોવાને કારણે અહીં પણ મોટા ભાગના રોડ-રસ્તા નવનિર્મિત છે, નવી સ્ટ્રીટલાઈટ, પાણી-ગટર લાઈનો કાર્યરત છે. જોકે કુડાસણ તરફથી ઠાકર ફાર્મ તરફ થઈને એસજી હાઈવેને મળતા ટીપી-૭ના પાછળના માર્ગ પર હજુ સ્ટ્રીટ લાઈટ નાખવામાં આવી નથી જેને કારણે રાત્રિના સમયે અસામાજિક તત્વોને મોકળું મેદાન મળે છે, તે ઉપરાંત આ માર્ગ પર બંને તરફ આ પૂરતા માટી પુરાણને કારણે મસમોટા ભૂવા પડી જવા પામ્યા છે ટુવ્હીલર થી માંડીને ફોરવ્હીલર વાહન ચાલકો માટે અત્યંત જોખમી બન્યા છે. આ માર્ગ ઉપર એક ગટર ચેમ્બરનું કામ અધુરુ હોવાથી ખૂબ મોટો ખાડો ખોદેલો છે પરંતુ તેની આસપાસ કોઈ સલામતી માટે ચેતવણી સૂચક બોર્ડ કે રીબીનો બાંધવામાં આવી નથી જેના કારણે જીવલેણ અકસ્માત સર્જાઈ શકે તેવી સ્થિતિ દેખાય છે. આ વિસ્તારના મોટાભાગના માર્ગોની આજુબાજુ ભૂવા જોવા મળી રહ્યા છે અને કેટલીક ઠેકાણે તો રોડ ક્રોસ કરતી પાઈપલાઈન નાખવાની કારણે તોડવામાં આવેલા રોડ હજુ સુધી જેમના તેમ છે જેમાં વરસાદી પાણીના કારણે ઊંડા ખાડા પડી જવા પામ્યા છે. વળી આ વિસ્તારમાં અનેક રહેણાંક અને કોમર્શિયલ સ્કીમોનું બાંધકામ ચાલુ હોવાથી ભારે વાહનોની સતત અવરજવરને કારણે માર્ગો જે ઝડપથી તૂટી રહ્યા છે, કે ગતિએ ફરી તેનું રીપેરીંગ કે નવીનીકરણ થતું નથી. આ વિસ્તારમાં વધુ એક મુખ્ય સમસ્યામાં અતિશય ક્ષારવાળા પાણીની છે, જેના કારણે કેટલીક જૂની સોસાયટીઓના મકાનોની પાણીની પાઈપલાઈનોમાં ક્ષાર જામી જવાને કારણે વારંવાર નળ ફીટીંગ્સ રીપેર કરાવવા પડે છે, જેથી આ વિસ્તારમાં પીવા માટે નર્મદાનું પાણી સત્વરે મળે તેવી નાગરિકોમાં માંગ પ્રવર્તી રહી છે.

આ વિસ્તારમાં વારંવાર વીજળી ગુલ થવાની સમસ્યા ખુબ સતાવે છે તેમજ મોબાઈલ ટાવરની સુવિધા ન હોવાને કારણે મોબાઈલ કનેક્ટિવિટીમાં પણ ખૂબ ધાંધિયા છે. આ વિસ્તારમાં બેક્કિંગ સુવિધા વિકશે તેવી પણ તાતી જરૂરિયાત જણાઈ રહી છે.

ડિમાર્ટ, પેન્ટાલુન્સ અને ક્રોમા જેવા મોટા શોરૂમ્સ જે વિસ્તારની હવે ઓળખ બન્યા છે તે ટીપી-૭ના વિસ્તારમાં અને અન્ય કેટલાંક આંતરિક વિસ્તારમાં સાંજના સમયે ભરાતા શાકમાર્કેટને કારણે ટ્રાફિક જામની સમસ્યા તો સર્જાય છે. ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ, વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ અને કામેશ્વરી ઈન્ટરનેશનલ સ્કૂલ જેવી શૈક્ષણિક સંસ્થાઓ ધરાવતા આ વિસ્તારમાં ટ્રાફિક જામની સમસ્યા સ્કૂલ છૂટવાના સમયે પણ સર્જાય છે. જોકે તેના માટે જવાબદાર સાંકડા માર્ગો અને પાર્કિંગની અપૂરતી વ્યવસ્થા પણ છે.

આ વિસ્તારમાં ચાલી રહેલી અસંખ્ય નિર્માણ સાઈટો પર ખુબ જ મોટી સંખ્યામાં પરપ્રાંતિય શ્રમિકો કાર્યરત છે જેમની ઓળખના પુરાવા સાથેની નોંધણી પ્રક્રિયામાં બેદરકારી જોવા મળે છે જે આ વિસ્તારના પરિવારોની સુરક્ષા માટે જોખમી છે. આ શ્રમિકોને રહેવા યોગ્ય વ્યવસ્થા ના કરતી હોવાથી અનેક સ્થળે ખુલ્લામાં ઝુંપડા બાંધીને રહે છે અને ખુલ્લામાં શૌચક્રિયા આદિ કરે છે જે જાહેર આરોગ્ય માટે પણ જોખમી છે. આ વિસ્તારમાં જાહેર સાફ સફાઈમાં અભાવ સાથે વરસાદી સીઝનમાં ખુલ્લા પ્લોટો સહિત નીચાણવાળા ભાગોમાં વરસાદી પાણીનો ભરાવો થવો, માખી-મચ્છરનો ઉપદ્રવ જેવી સમસ્યાઓ પણ સર્જાય છે.

માર્ગો પર રખડતા ઢોરની સમસ્યા પણ છે અને વેસ્ટ કલેક્શનની ગાડી પણ અનિયમિત આવતી હોવાની ફરિયાદ છે. ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શનમાં ભીનો સુકો કચરો અલગ લઈ જવાતો નથી. કેટલીક સોસાયટીઓ આગળ સોસાયટીના રહીશો દ્વારા એંઠવાડ નાખવાની આદતને કારણે ગંદકી સાથે રખડતા ઢોરની સમસ્યા વધુ વકરે છે. વળી આ વિસ્તારમાં અપૂરતા પોલીસ પેટ્રોલિંગને કારણે નાગરિક સુરક્ષા બાબતે નબળી સ્થિતિ જોવા મળે છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtlaod@gmail.com

" સરગાસણ ટીપી-૭ વિસ્તારમાં અનેક સ્થળે વરસાદી પાણીના ભરાવાની સમસ્યા સતાવે છે, આ વિસ્તારમાં અનેક જગ્યાએ ભૂવા પડવા સાથે તૂટેલા રોડ રસ્તા એ પણ મોટી સમસ્યા છે. આ ઉપરાંત અનેક સોસાયટીઓ આગળ આદતને કારણે ગંદકી સાથે રખડતા ઢોરની સમસ્યા વધુ વકરે છે જે અકસ્માતનું જોખમ પણ ઊભું કરે છે.

**- ભાસ્કર દલવાડી,**
**સંગઠન મંત્રી, સરગાસણ વસાહત મંડળ**

"સરગાસણ ટીપી-૭ વિસ્તારમાં ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા પાવર સપ્લાય કરાય છે જેમાં અવારનવાર લાઈટો ભૂલ થવાની સમસ્યા ખૂબ સતાવે છે, વળી આ વિસ્તારમાં મોબાઈલ ટાવરની સુવિધા ન હોવાને કારણે મોબાઈલ કનેક્ટિવિટીમાં પણ ખૂબ ધાંધિયા છે. આ વિસ્તારમાં બેક્કિંગ સુવિધા વિકસે તેવી પણ તાતી જરૂરિયાત જણાઈ રહી છે.

**- દિનેશ વ્યાસ**
**અગ્રણી વસાહતી અને સામાજિક આગેવાન**

આ વિસ્તારમાં મોટા શોપિંગ મોલ અને સાંજના સમયે રોડ પર ભરાતા શાકમાર્કેટને કારણે વારંવાર ટ્રાફિક જામ થવાની સમસ્યા સર્જાય છે. કેટલીક જાણીતી સ્કૂલ સામેના રોડ સાંકડા હોવાથી સ્કૂલ છૂટવાના સમયે ટ્રાફિક જામ સર્જાય છે. નવી ગટર લાઈન નાખવાની કારણે ઠેર ઠેર ભૂવા પડેલા છે. વિસ્તારમાં બગીચાની સુવિધા નથી અને ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શનમાં કર્મચારીઓને સુકો અને ભીનો કચરો અલગ લઈ જવાની સમજ નથી તેથી ભેગા જ લઈ જાય છે જે પર્યાવરણ માટે નુકસાનકારક છે."

**- સુયોગ જોશી**
**જાગૃત વસાહતી**